| PUBLICATION NAME : | Divya Bhaskar |
| --- | --- |
| EDITION : | Gandhinagar |
| DATE : | 28/06/2023 |
| PAGE : | 10 |

### EDII ખાતે ઈન્ટરનેશનલ એમએસએમઈ ડે સેલિબ્રેશન કર્યું

# બેરોજગારીની સમસ્યા ઉકેલવા માટે MSME સેક્ટરને વધુ મજબૂત કરવું જરૂરી - એક્સપર્ટ



અમદાવાદ. આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા આંતરરાષ્ટ્રીય એમએસએમઈ દિવસની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં ભારતના આર્થિક વિકાસમાં એમએસએમઈના મહત્વને દર્શાવ્યું હતું. તેમજ ડેવલપમેન્ટ અને સસ્ટેનેબલ મુદ્દાઓ અને સોલ્યુશન્સ પર ચર્ચા પણ કરી હતી. આ વિશે વાત કરતા ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે. આંત્રપ્રિન્યોર્શિપનું નેતૃત્વ એમએસએમઈ દ્વારા કરવામાં આવે છે. આ સેક્ટરનો ફાળો ઘણો મોટો છે. એમએસએમઈ બેરોજગારી, ગરીબી અને વિવિધ અસમાનતાના મુદ્દાઓને સંબોધીને પ્રાદેશિક સંતુલન જાળવવામાં મદદ કરે છે. ઉદ્યોગો, નીતિ ઘડનારાઓ અને સંસ્થાઓએ એમએસએમઈ વૃદ્ધિ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ ઊભી કરવા માટે હાથ મિલાવવો પડશે. આઈએએસ બી. એમ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, એમએસએમઈ સેક્ટરમાં ઘણો સ્કોપ છે, જે આપણા અર્થતંત્ર મજબૂત બનાવી શકે છે. યુવાનોની બેરોજગારીની સમસ્યાના ઉકેલ માટે એમએસએમઈ સેક્ટરને મજબૂત કરવાની જરૂર છે. કોવિડ દરમિયાન એમએસએમઈને સૌથી વધુ નુકસાન થયું. તેથી સેક્ટરને મજબૂત કરવા યુવાનોનો વિશ્વાસ સ્થાપિત કરવા માટે કામ કરવાની જરૂર છે.